ટ્રમ્પે મધ્ય પૂર્વનો તનાવ ઘટાડવા અંગે કતારના અમીર સાથે ચર્ચા કરી

દુબઈ, ૬ નવેમ્બર (AP): અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કતારના અમીર સાથે ટેલિફોન પર વાતચીત કરીને મધ્ય પૂર્વમાં તણાવ ઘટાડવાના પ્રયાસો અંગે ચર્ચા કરી છે, કારણ કે ઈરાન વિરુદ્ધ નવી યુએસ લશ્કરી કાર્યવાહીની શક્યતાને કારણે આ પ્રદેશ તણાવ હેઠળ છે.

રાજદ્વારી ગતિવિધિઓના ભાગરૂપે ઈરાનના પડોશી દેશો નવા યુદ્ધના બદલે વાટાઘાટો દ્વારા ઉકેલ લાવવા માટે દબાણ કરી રહ્યા છે. કતારી શાસકના મીડિયા કાર્યાલયના નિવેદન અનુસાર, ટ્રમ્પ અને કતારના અમીર શેખ તમીમ બિન હમાદ અલ થાની વચ્ચે ટેલિફોનિક વાતચીત તણાવનો અંત લાવવાના આંતરરાષ્ટ્રીય પ્રયાસો પર કેન્દ્રિત હતી. બંને નેતાઓએ ખાસ કરીને કતારના મધ્યસ્થીના પ્રયાસો અંગે ચર્ચા કરી, જેનો હેતુ એક વ્યાપક કરાર પર પહોંચવાનો છે જે સંકટનો અંત લાવે અને પ્રદેશમાં સુરક્ષા અને સ્થિરતા પ્રાપ્ત કરે.

દરમિયાન, ઈરાનના વિદેશ મંત્રીએ તેમના ઈજિપ્તના સમકક્ષ સાથે ચર્ચા કરી હતી.

અબ્બાસ અરાઘચી સાથે ઈજિપ્તના વિદેશ મંત્રીની ફોન પર વાતચીત થઇ હતી જેમાં વિદેશ મંત્રીએ તમામ પક્ષોને લવચીકતા દર્શાવવા અને રાજકીય સમાધાન પર પહોંચવા બાંધછોડ કરવા કહ્યું હતું એમ ઈજિપ્તના વિદેશ મંત્રાલયના પ્રવકતાએ જણાવ્યું હતું.

OBC ક્રીમી લેયર ધારાધોરણો અંગે સુપ્રીમ પોતાનો અભિગમ દોહરાવ્યો

માત્ર માતા-પિતાનો પગાર OBC ક્રીમી-લેયર નક્કી કરવાનો એકમાત્ર માપદંડ નથી: સુપ્રીમ કોર્ટ

નવી દિલ્હી, ૬ નવેમ્બર(PTI): સુપ્રીમ કોર્ટે શુક્રવારે તેના ૧૧ માર્ચના ચૂકાદાને પુનઃપુષ્ટ કર્યો હતો, જેમાં કહેવામાં આવ્યું હતું કે જાહેર ક્ષેત્રના ઉપક્રમ (PSU) અથવા ખાનગી ક્ષેત્રમાં નોકરી કરતા માતા-પિતાનો પગાર કે આવક, અન્ય પછાત વર્ગ (OBC) માટે 'ક્રીમી-લેયર' બાદબાકી કરવા માટે એકમાત્ર નિર્ણાયક માપદંડ ગણી શકાય નહીં.

જસ્ટિસ પી. એસ. નરસિમ્હા અને જસ્ટિસ આર. મહાદેવનની બેન્ચે કેન્દ્ર સરકારની એ અરજી પણ ફગાવી દીધી હતી જેમાં આ ચુકાદાને માત્ર ભવિષ્યની અસરથી લાગુ કરવાની માંગ કરવામાં આવી હતી. બેન્ચે જણાવ્યું હતું કે ચુકાદાના અમલીકરણને પાછળ ઠેલવા માટે "કોઈ મજબૂત કે વ્યાજબી કારણ" નથી.

પીઠે જણાવ્યું હતું કે, "૧૧ માર્ચ, ૨૦૨૬નો ચુકાદો આ અદાલત સમક્ષના પક્ષકારોના અધિકારો નક્કી કરે છે. તે ઠેરવે છે કે રેસ્પોન્ડન્ટ ઉમેદવારો ઓબીસી કેટેગરીના 'નોન-ક્રીમી લેયર'માં આવે છે અને તેઓ જે પસંદગી પ્રક્રિયામાં ભાગ લીધો હતો તેમાં પદાવંટન અને પરિણામી નિયુક્તિ સાથે અનામતના લાભ મેળવવા માટે પાત્ર છે. "આવા લાભ આપવાથી, પોતાનામાં જ અન્ય કોઈ વ્યક્તિની વરિષ્ઠતાને નુકસાન પહોંચશે નહીં અથવા અગાઉ પૂર્ણ થઈ ગયેલી પસંદગીઓ કે નિમણૂકોને ફરીથી ખોલવામાં આવશે નહીં. આ સંબંધમાં એ નોંધવું સુસંગત છે કે ૨૦ ડિસેમ્બર, ૨૦૧૬ના પોતાના પત્ર દ્વારા DoPT (કાર્મિક અને પ્રશિક્ષણ વિભાગ) એ સ્પષ્ટ કર્યું હતું કે સિવિલ સર્વિસીસ પરીક્ષા, ૨૦૧૬ હેઠળની પસંદગીઓ આ અદાલતમાં પેન્ડિંગ અપીલોના આખરી પરિણામને આધીન હતી." સર્વોચ્ચ અદાલતે સ્પષ્ટ કર્યું હતું કે આ ચુકાદો કોર્ટ સમક્ષ ઉપસ્થિત પક્ષકારોને જ લાગુ પડે છે અને અગાઉ પૂર્ણ થઈ ગયેલી વરિષ્ઠતા તથા બઢતીને ફરીથી ખોલવામાં આવશે નહીં.

પરીક્ષા શરૂ થવાના 101 દિવસ પહેલા ડેટશીટ જાહેર

CBSE ધોરણ 10 અને 12ની પરીક્ષાઓ 16 ફેબ્રુઆરીથી શરૂ થશે

ધોરણ 10ની પરીક્ષા 9 માર્ચે અને ધોરણ 12ની પરીક્ષા 9 એપ્રિલે પૂર્ણ થશે

નવી દિલ્હી, તા. 6: સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (સીબીએસઈ) દ્વારા ધોરણ 10 અને 12ની બોર્ડ પરીક્ષાઓ 16 ફેબ્રુઆરી 2027થી શરૂ કરવામાં આવશે. શુક્રવારે જાહેર કરાયેલી ડેટશીટ અનુસાર, ધોરણ 10ની પરીક્ષાઓ 9 માર્ચે પૂર્ણ થશે, જ્યારે ધોરણ 12ની પરીક્ષાઓ 9 એપ્રિલ સુધી ચાલશે. આ વખતે પરીક્ષા શરૂ થવાના 101 દિવસ પહેલા જ ડેટશીટ જાહેર કરી દેવામાં આવી છે.

તમામ પરીક્ષાઓ સવારે 10:30 વાગ્યે શરૂ થશે. ધોરણ 10ના મુખ્ય વિષયોમાં 17 ફેબ્રુઆરીએ ગણિત, 22 ફેબ્રુઆરીએ વિજ્ઞાન, 26 ફેબ્રુઆરીએ અંગ્રેજી, 3 માર્ચે હિન્દી અને 8 માર્ચે સામાજિક વિજ્ઞાનની પરીક્ષા યોજાશે. જ્યારે ધોરણ 12 માટે 16 ફેબ્રુઆરીએ ફિઝિક્સ, 27 ફેબ્રુઆરીએ કેમિસ્ટ્રી, 5 માર્ચે અંગ્રેજી, 9 માર્ચે ગણિત, 16 માર્ચે ઈકોનોમિક્સ અને 25 માર્ચે બાયોલોજીની પરીક્ષા લેવાશે.

'સીબીએસઈ'એ જણાવ્યું હતું કે મુખ્ય એન્ટ્રન્સ પરીક્ષાઓના શિડ્યુલને ધ્યાનમાં રાખીને જ આ તારીખો નક્કી કરાઈ છે, જેથી વિદ્યાર્થીઓને બન્ને પરીક્ષાઓ માટે પૂરતો સમય મળી રહે. બે પરીક્ષાઓ વચ્ચે યોગ્ય ગેપ રાખવામાં આવ્યો છે અને પરીક્ષાના સમયમાં કોઈ ટકરાવ ન થાય તે માટે 40,000થી વધુ વિષય સંયોજનોને ધ્યાને લેવાયા છે. આ વર્ષે ધોરણ 10 માટે 26.5 લાખથી વધુ અને ધોરણ 12 માટે 19.8 લાખથી વધુ વિદ્યાર્થીઓએ નોંધણી કરાવી છે.

જિ.ભરૂચ, તા.હાંસોટ, મોજે શેરા ગામના નવા બ્લોક/સર્વે નં. ૧૧૮ વાળી જમીનના વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, ડીસ્ટ્રીકટ ભરૂચ, સબ-ડીસ્ટ્રીકટ હાંસોટ તાલુકો, મોજે શેરા ગામના નવા બ્લોક/સર્વે નં. ૧૧૮ (જુનો સર્વે નં. ૨૮૮) ખાતા નં. ૧૮૯ થી નોંધાયેલી જમીન, જેનું ક્ષેત્રફળ ૬૦,૮૭૨ ચો.મી. છે જેનો આકાર રૂા.૪૪-૪૫ પૈસા છે તે વાળી જુની શરતની ખેતી વિષયક જમીનના (૧) પ્રફુલચંદ્ર જમીયતરામ પંડયા (૨) જયદેવીબેન રાજેન્દ્રપ્રસાદ પટેલ તથા (૩) અવનીબેન તે રાજેન્દ્રપ્રસાદ પટેલની દિકરી તથા ધવલ પટેલની પત્ની નાઓ માલિક, મુખત્યાર અને પ્રત્યક્ષ કબજેદાર ચાલી આવેલા હોવાનું જણાવી તેમજ સદરહુ જમીન કલીયર માર્કેટેબલ ટાઇટલ્સવાળી તથા કોઈપણ પ્રકારના દાવાઓ તથા બોજાઓ વગરની હોવાનું જણાવી સદરહુ જમીન ઉપરોકત માલીકોએ અમારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે. તેમજ અમારા અસીલ સદરહુ જમીન ખરીદ કરવા ઈરાદો ધરાવે છે. જેથી સદરહુ જમીનમાં ઉપર દર્શાવેલા માલિકો સિવાય અન્ય કોઈપણ વ્યકિત, સંસ્થા કે બેંક કે અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો હકક, હિત-હિસ્સો, અલાખો, અધિકાર, લીસપેન્ડન્સ, લીયન કે એટેચમેન્ટ, ઈઝમેન્ટ, ખોરાકી-પોષાકી, જામીનગીરી, ચાર્જ-બોજો, દાવો-ફરિયાદ, ગીરો, બાનાખત, વારસાઇ વિગેરે હોઇ તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી દિન-૭ માં અમોને પુરાવા સહિત લેખિતમાં નીચે જણાવેલ સરનામે રૂજી. એ.ડી.થી જાણ કરવી. જો તેમ કરવામાં કસુર થશે તો આ નોટીસની મુદત વિત્યે સદરહુ જમીનમાં અન્ય કોઇનો કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો, અલાખો, અધિકાર, લીસપેન્ડન્સ, લીયન કે એટેચમેન્ટ, ઈઝમેન્ટ, ખોરાકી- પોષાકી, જામીનગીરી, ચાર્જ-બોજો, દાવો-ફરિયાદ, ગીરો, બાનાખત, વારસાઇ વિગેરે નથી અને હોય તો તે જતા કર્યા છે યાને છોડી દીધો છે એમ માની અમારા અસીલ સદરહુ જમીનના ઉપરોકત માલીકો કનેથી કાયદેસરના લખાણો / દસ્તાવેજ કરાવી લેશે. ભવિષ્યમાં તે અંગે કોઈની કોઈપણ પ્રકારે તર-તકરાર, દાવો, ફરિયાદ ચાલશે નહીં. જેની લાગતા વળગતાઓએ નોંધ લેવી.

જફરૂલ્લા ટી. સૈયદ - દિપક એ. પાટીલ

તે ખરીદનારના એડવોકેટ્સ

ઠે. ૫૬-૫૭, એ-વિંગ, રીવર પેલેસ, બહુમાળી બિલ્ડીંગની પાસે, નાવડી ઓવારાની બાજુમાં, નાનપુરા, સુરત. મો.નં.૯૮૯૯૫-૭૮૬૧૪

ભારતીય કંપનીઓને આંતરરાષ્ટ્રીય એક્સચેન્જો પર પોતાના ડિબેન્ચર્સ પણ લિસ્ટેડ કરવાની છૂટ અપાઈ

નવી દિલ્હી, તા. ૬(PTI): ભંડોળ એકઠું કરવા માટે વધુ છૂટછાટ આપતાં, સરકારે ભારતીય કંપનીઓને ઈક્વિટી શેર્સ ઉપરાંત પોતાના કન્વર્ટિબલ ડિબેન્ચર્સ અને પ્રેફરન્સ શેર્સને પણ ગિફ્ટ સિટીમાં આવેલા આંતરરાષ્ટ્રીય એક્સચેન્જો પર લિસ્ટેડ કરવાની છૂટ આપી છે. આ ઉપરાંત, અમુક શરતોને આધીન રહીને અનલિસ્ટેડ પબ્લિક કંપનીઓ તેમજ નેગેટિવ નેટવર્થ ધરાવતી કંપનીઓને પણ વિદેશી લિસ્ટિંગ માટે મંજૂરી આપવામાં આવી છે. કોર્પોરેટ બાબતોના મંત્રાલયે ૩ નવેમ્બરના રોજ 'કંપનીઝ એમેન્ડમેન્ટ રૂલ્સ, ૨૦૨૬' અધિસૂચિત કર્યા હતા. આ ફેરફારોથી ભારતીય કંપનીઓને વિદેશી મૂડી બજારોમાંથી ભંડોળ એકઠું કરવા માટે વધુ સુગમતા મળશે. કન્સલ્ટન્સી ફર્મ 'નાંગિયા ગ્લોબલ'ના એસોસિએટ પાર્ટનર અંજલિ મલ્હોત્રાએ જણાવ્યું હતું કે આ સુધારા "ઈક્વિટી શેર્સ" શબ્દના સ્થાને "ઈક્વિટી ઈન્સ્ટ્રુમેન્ટ્સ" શબ્દ મૂકીને પાત્ર સિક્યોરિટીઝના વ્યાપને વિસ્તારશે. હવે, ઈક્વિટી શેર્સ, કન્વર્ટિબલ ડિબેન્ચર્સ અને પ્રેફરન્સ શેર્સ ઓવરસીઝ લિસ્ટિંગ ફ્રેમવર્ક હેઠળ આવરી લેવામાં આવ્યા છે. મલ્હોત્રાએ ઉમેર્યું કે આ સુધારો મંત્રાલયના ફ્રેમવર્કને હાલના IFSCA લિસ્ટિંગ રેગ્યુલેશન્સ સાથે સાંકળે છે.

કૅબ ડ્રાઈવરે પત્ની અને બાળક સહિત સાસરીના 7 સભ્યોની હત્યા કરી

કૌટુંબિક ઝઘડામાં 15થી 20 દિવસ દરમિયાન એક પછી એક હત્યાને અંજામ આપ્યો, લાશો અલગ-અલગ જગ્યાએ ફેંકી, 17 વર્ષની પુત્રીની ભૂમિકાની પણ તપાસ

બેંગ્લુરૂ, તા. 6: બેંગલુરુ શહેરમાં એક ચોંકાવનારી ઘટના સામે આવી છે, જેમાં કૌટુંબિક વિવાદને કારણે એક કૅબ ડ્રાઈવરે પોતાનાં પત્ની અને 7 વર્ષના માસૂમ બાળક સહિત સાસરીના 7 સભ્યોની નિર્મમ હત્યા કરી નાખી છે. પોલીસના જણાવ્યા અનુસાર આ ક્રૂર હત્યાકાંડ છેલ્લા 15થી 20 દિવસના સમયગાળા દરમિયાન આચરવામાં આવ્યો હોવાની આશંકા છે. ઈન્દુશેખર ઉર્ફે શેખર નામના આરોપીએ રાજાજીનગર પોલીસ સ્ટેશન સીમામાં આવેલા પોતાના ઘરે તમામની હત્યા કરી હતી અને તેમનાં મૃતદેહોને કર્ણાટકના જુદા જુદા વિસ્તારોમાં ફેંકી દીધા હતા. 3 નવેમ્બરના રોજ શ્રીરામપુરા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ગુમ થવાની ફરિયાદ બાદ તપાસ દરમિયાન આ સમગ્ર કૌભાંડનો પર્દાફાશ થયો હતો. પોલીસે આરોપીની અટકાયત કરીને નંદી હિલ્સ નજીકથી આરોપીના સાળાનાં 7 વર્ષના બાળક પુનીતનો મૃતદેહ મેળવી કરી લીધો છે, જ્યારે પત્ની સુનિતા, સાસુ રૂપાવતી, સાળા શિવકુમાર અને શંકર તથા તેમનાં પત્નીઓ દિવ્યા અને નલિનીનાં મૃતદેહોની શોધખોળ માટે ખાસ ટીમો ચાર્માડી ઘાટ અને અન્ય વિસ્તારોમાં મોકલવામાં આવી છે.

સુડોકુ '૬૬૭૫'

	૯	૭	૪				૧	૩
૨		૧		૭			૬	
		૮	૯	૩	૧	૨	૫	
	૫			૨			૪	
	૨			૪		૭	૯	૫
	૪	૯		૫	૭		૨	
૩	૭	૫	૨	૯		૬	૮	૧
					૩	૯		
		૪		૧	૬	૫		૨

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

સુડોકુ ઉકેલ-૬૬૭૪

૫	૯	૭	૪	૬	૨	૮	૧	૩
૨	૩	૧	૮	૭	૫	૪	૬	૯
૪	૬	૮	૯	૩	૧	૨	૫	૭
૭	૫	૬	૧	૨	૯	૩	૪	૮
૧	૨	૩	૬	૪	૮	૭	૯	૫
૮	૪	૯	૩	૫	૭	૧	૨	૬
૩	૭	૫	૨	૯	૪	૬	૮	૧
૬	૧	૨	૫	૮	૩	૯	૭	૪
૯	૮	૪	૭	૧	૬	૫	૩	૨

દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

તેજસ્વી આંખો

ગાજર અને આમળા 50 - 50 ગ્રામ લઈ તેનો રસ કાઢી રોજ સવારે પીવો. ચોમાસામાં ડોળીના ફૂલોનું શાક ખાવું. રોજ ત્રિફલા ચૂર્ણ એક ચમચી 100 મીલી પાણીમાં, આખી રાત ભીંજવી, સવારે ગાળી તે પાણીથી આંખ ધોવી. વધેલું પાણી પી જવું.

શબ્દગુંફન - ૭૨૯૦

અરવિંદ એસ. મારૂ



આડી ચાવી

૧. કાગડાથી સહેજ નાનું લાંબી પૂંછડીવાળું એક પક્ષી (૪)
૩. ફરિયાદ (૨)
૫. માલકી, અમલ, હક (૨)
૬. જંગલમાં પ્રદેશમાં વસતાં આદિવાસી (૫)
૭. આગળ જણાવેલું (૪)
૯. થોડા વાળની સેર (૨)
૧૧. લાયક, વાસણ (૨)
૧૨. ચળકતું, જાહેર (૩)
૧૪. વૃક્ષોની લાંબી હાર (૪)
૧૬. પ્રધાન (૩)
૨૦. સરોવર (૨)
૨૨. એક કંદમૂળ (૩)
૨૪. ભચડાવું, તણાવું (૫)
૨૬. પવન (૨)
૨૭. છોકરીનું એક નામ (૨)
૨૮. મોટી આકૃતિ કે કદવાળું (૪)
૨૯. નીર, પાણી (૨)
૩૦. ભાઈ (૪)
૩૧. આલાપ, ધૂન, મસ્તી (૨)

ઊભી ચાવી

૧. દરિયાઇ, ખડક (૨)
૨. જાણકાર, પંડિત (૩)
૩. જંગલી, વન્ય (૨)
૪. વાપર, ખરચ (૪)
૫. જળવાયુ, આંસુથી ભરેલું (૩)
૬. એક ગ્રહ (૨)
૭. વેદના અભ્યાસનો સમય (૨)
૮. દાંત (૩)
૧૦. ઠોકર, અથડામણ (૩)
૧૧. ઉપકાર (૨)
૧૨. રોજની આવક (૨)
૧૩. નવું, નવીન (૪)
૧૪. ટેક, આબરૂ (૨)
૧૫. દેશ (૨)
૧૭. એક જાતનું કાપડ (૨)
૧૮. પાણી પીવાની ઇચ્છા (૩)
૧૯. ભારવાળું (૫)
૨૦. પંજાબની એક નદી (૪)
૨૧. નજદિક, આજુબાજુ (૪)
૨૩. આયુષ્ય, ઉમર (૨)
૨૫. ઝાડ (૨)
૨૬. કથા (૩)
૨૮. શરીરની ઊંચાઇ (૨)

શબ્દગુંફન ઉકેલ - ૭૨૮૯

કા	ળો	કો	શી	■	રા	વ	■	સ	તા
લુ	■	વિ	■	રા	ની	પ	ર	જ	■
■	સ	દ	ર	હુ	■	રા	■	લ	ટ
પા	ત્ર	■	દ	■	રો	શ	ન	■	ક્ક
ડ	■	વ	ન	રા	જી	■	વ	જી	ર
■	ત	ટ	■	ષ્ટ્ર	■	વ	ત	ન	■
સ	ર	■	આ	■	ગા	જ	ર	■	આ
ત	સ	ત	સ	વું	■	ન	■	વા	યુ
લ	■	રુ	પા	■	ક	દા	વ	ર	■
જ	ળ	■	સ	હો	દ	ર	■	તા	ન

આજનું પંચાંગ

તા. 07/11/2026, શનિવાર

વિક્રમ સંવત : 2082 **શાકે :** 1948
વીર સંવત : 2552 **માસ :** આસો
તિથિઃ વદ: તેરસ: 10:49 પછી ચૌદસ
અયન : દક્ષિણાયન **ઋતુ :** હેમંત
રાષ્ટ્રિય દિનાંક : કારતક-16 **યોગ :** પ્રીતિ
કરણઃ વિષ્ટિ **નક્ષત્ર :** ચિત્રા.:- 29:53
રાશિઃ કન્યા (પ.ઠ.ણ) 17:17 પછી તુલા (ર.ત.)
દિવસ : અશુભ - કાળી ચૌદસ: શિવરાત્રી
સુરતમાં સૂર્યોદય : 06:46 **સુરતમાં સૂર્યાસ્ત :** 17:59
નવકારસી : 07:34
પારસી વર્ષ : 1396 ખોરદાદ માસનો 25 મો રોજ
મુસલમાન વર્ષ : 1448 જમાદીલ ઊલ અવલ માસનો 26મો રોજ
દિવસનાં ચોઘડિયાંઃ કાળ, શુભ, રોગ, ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત, કાળ
રાત્રિનાં ચોઘડિયાંઃ લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ, કાળ, લાભ
રાહુ કાળ : સવારે: 09:30 થી 11:00 સુધી

આપની આજ

જયોતિષાચાર્ય હંસરાજ

મેષ (અ,લ,ઇ,): હરીફોથી સાવધાન રહેવું. માતાના આરોગ્યની ચિંતા સતાવે. સરકારી કામમાં વિઘ્નો આવે. મન ખુશ રહે.
વૃષભ (બ,વ,ઉ,): મોજ-શોખના ધંધામાં આવક વધશે. પ્રવાસ થાય. મિત્રો સાથે મનોરંજન થાય. શુભ કામ થાય.
મિથુન (ક,છ,ઘ,): નવા ફેરફારથી કામમા મદદ મળે. તથા ઘરમા નવા સુખ સાધનો આવે. પ્રવાસ થાય.
કર્ક (ડ,હ,): શિક્ષણ ટેકનોલોજી, દલાલી પ્રવાસને લગતા કામમાં આવક વધશે. મિત્રોનો સાથ મળે. ધર્મ-કર્મ થાય.
સિંહ (મ,ટ,): ઘરમાં ઉત્સાહ જેવું વાતાવરણ રહે. ધાર્મિક પ્રવૃત્તિમાં વ્યસ્ત રહેવાનું બને. નવા કામ કે નોકરીની યોજના બને.
કન્યા (પ,ઠ,ણ,): ઉત્સવ જેવું વાતાવરણ રહે. ધાર્મિક પ્રવૃત્તિમાં વ્યસ્ત રહેવાનું બને. નવા કામ કે નોકરીની યોજના બને.
તુલા (ર,ત,): દેવ-દર્શન સમાજ સેવા અને વેપાર-ધંધામાં વ્યસ્ત રહેવાનું બને. આવક વધે. શુભ સમાચાર મળે.
વૃશ્ચિક (ન,ય,): મિત્રો સાથે પરિવારને મદદરૂપ બનશો. ધર્મ-કર્મથી ઘરમાં ઉત્સાહ અને ખુશીનું વાતાવરણ રહે.
ધન (ભ,ધ,ફ,ઢ,): રોજના કામમાં વ્યસ્તતાની સાથે ધાર્મિક પ્રવૃત્તિ ઘરમાં થાય. ધંધામાં આવક વધે. નવી યોજના બને.
મકર (ખ,જ,): નવી યોજના પાર પડે. ઘરમાં ઉત્સાહ જેવુ ધાર્મિક વાતાવરણ રહે. ભવિષ્યની યોજના બને.
કુંભ (ગ,સ,શ,ષ,): ધર્મ દેવ દર્શન અને આધ્યાત્મિક પ્રવૃત્તિથી મનને શાંતિ મળે. શુભ સમાચાર મળે. આવક બને.
મીન (દ,ચ,ઝ,થ,): ઘરમાં અવરજવર વધે. આવક વધે. ધાર્મિક પ્રવૃત્તિથી ઘરમાં ખુશીજનક વાતાવરણ રહે.

કોઈ પણ સાલમાં 07 નવેમ્બરે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતુ આપનું નવુ વર્ષ આવનાર વર્ષની સફળતામાં મદદ કરનાર રહેશે. નોકરી ધંધામાં ચડતી પડતીની સાથે ટેકનોલોજીનુ જ્ઞાન અને નવુ શીખવા મળે. આર્થિક બાબતે સામાન્ય રહે. સમાજમાં માન વધે. પરિવારની મદદ નવા વેપાર-ધંધામાં મળે. નવા ઘર, વાહન, મકાનની યોજના પાર પડે. સંતાનોના અભ્યાસ કેરીયરમાં પ્રગતિ થાય. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં સામાન્ય રહે. વારસા, જાયદાદ, જમીન જેવા કામમા મદદ મળે. વિદેશના કામમાં ગતિ આવે. વિદ્યાર્થીઓને મદદ મળે. ઉમરલાયકના વિવાહ થાય. પ્રેમ વિવાહમા મદદ મળે. સ્ત્રી વર્ગ માટે દોડધામ અને જવાબદારી ચાલુ વર્ષમાં રહેશે. આરોગ્ય સામાન્ય રહે. ઉઘરાણની ચિંતા ઓછી થાય. રોકાણમાં મદદ મળે. યાત્રા-પ્રવાસ ધર્મ-કર્મ થાય. જૂન-જુલાઇમાં શનિ-ગુરુવારે 07,16,25 તારીખે નવા કામ કરવા. સફેદ-ગુલાબી રંગનો ઉપયોગ કરતા રહેવું. ઓગસ્ટ સપ્ટેમ્બરમાં બુધ-શુક્રવારે 05,14,23 તારીખે નવા કામ ટાળવા. લીલો-લાલ, રંગ ઓછો વાપરવો. ચંદ્રના ઉપાય કરતાં રહેવું.

જાહેર નોટિસ

(સિવિલ પ્રોસીજર કોડ, ૧૯૦૮ ના ઓર્ડર ૧ રૂલ ૮ અન્વયે)

મહેરબાન 21st એડિશનલ સીનીયર સિવિલ જજ અને એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ સાહેબની કોર્ટ, સુરત

રેગ્યુલર સિવિલ દાવો નંબર ૨૬૮ સને ૨૦૨૬

શ્રી નિતિનકુમાર ઠાકોરદાસ ભરૂચા... વાદી વિરૂદ્ધ ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી તથા બીજાઓ... પ્રતિવાદીઓ

એડવોકેટ: ડો. અવિનાશ પોદ્દાર

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી, સુરતના તમામ સભ્યોને આથી જાણ કરવામાં આવે છે કે ઉપરોકત દાવો દાખલ થયેલ છે, અને નામદાર કોર્ટે તા. ૦૫-૧૧-૨૦૨૬ ના હુકમથી, સિવિલ પ્રોસીજર કોડ, ૧૯૦૮ ના ઓર્ડર ૧ રૂલ ૮ હેઠળ, આ દાવો ચેમ્બર સામે, તેના પ્રમુખ મારફત, ચેમ્બરના તમામ સભ્યો વતી પ્રતિનિધિ ધોરણે ચલાવવાની પરવાનગી આપેલ છે. આ દાવામાં ચેમ્બરના બંધારણના ક્લોઝ 2.6(a) અને 6.6(h) અન્વયે, વર્ષ ૨૦૨૬-૨૭ માટે ઉપપ્રમુખ તરીકે ચૂંટાયેલ અને સ્થાપિત થયેલ વ્યક્તિની પાત્રતાને પડકારવામાં આવેલ છે, અને તે અંગે ઘોષણા, મનાઈહુકમ તથા આનુષંગિક દાદ માગવામાં આવેલ છે.

આવતી સુનાવણી ની તારીખ ૦૭-૧૨-૨૦૨૬ રાખેલ છે. ચેમ્બરના જે કોઈ સભ્ય આ દાવામાં પક્ષકાર તરીકે જોડાવા ઈચ્છતા હોય, તેઓ આ નોટિસની પ્રસિદ્ધિની તારીખથી ૧૦ (દસ) દિવસની અંદર નામદાર કોર્ટમાં અરજી કરી શકે છે. દાવાના કાગળો કોઈપણ કામકાજના દિવસે નામદાર કોર્ટની કચેરીમાં જોઈ શકાશે. તારીખ: ૦૫-૧૧-૨૦૨૬ સ્થળ: સુરત

આસીસ્ટંટ
એસ. જે. પટેલ
21st એડીશનલ સીનીયર સિવિલ જજ અને એડીશનલ ચીફ જ્યુડીશિયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ, સુરત

આર. એચ. વઝીર
બેન્ચ કલાર્ક GR II
૨૧st એડીશનલ સીનીયર સિવિલ જજ અને એડીશનલ ચીફ જ્યુડીશિયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ, સુરત

હુકમથી
એચ. એચ. દેસાઇ
રજીસ્ટ્રાર
કોર્ટ, સુરત

CIVIL COURT SURAT

પંજાબ નૈશનલ બૈંક ...ભરોસે કા પ્રતીક ! punjab national bank ...the name you can BANK upon !

એઆરએમબી સુરત : પહેલો માળ, મેઘાણી ટાવર, સ્ટેશન રોડ, સુરત–૩૯૫૦૦૩
ફોન નં. ૮૧૪૬૦૯૨૮૭૭ email ID: cs8323@pnb.bank.in

પરિશિષ્ટ–૪ [જુઓ રૂલ ૮(૧)] કબજા નોટીસ (સ્થાયી મિલકત માટે)

આથી નીચે સહી કરનાર **પંજાબ નેશનલ બેંક, એઆરએમબી, સુરત,** ના અધિકૃત અધિકારીએ સિકયોરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયોરીટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ અને તેમને મળેલ સત્તા હેઠળ આ ધારાની કલમ ૧૩(૧૨) સિકયોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ ના રૂલ ૮ સાથે વંચાણે લઈ ડિમાન્ડ નોટસની **તા.૦૧.૦૯.૨૦૨૬ ના કલમ ૧૩(૨) હેઠળ** દેવાદાર **મેસર્સ શાલીમાર એન્ટ્રપ્રાઈઝ – માલિક શ્રી સુધાંશુ કુમાર,** ને નોટીસમાં દર્શાવેલ રકમ **રૂા.૧,૦૨,૮૮,૩૮૨.૫૪/– (અંકે રૂા.એક કરોડ બે લાખ અઠયાંશી હજાર ત્રણસો બ્યાંશી અને ચોપ્પન પૈસા પુરા) તા.૩૧.૦૮.૨૦૨૬** ના રોજના વધારાનું વ્યાજ અને કોસ્ટ, ખર્ચાઓ વગેરે આ નોટીસ તારીખ મળ્યાના ૬૦ દિવસની અંદર પરત ચુકવવા જણાવવામાં આવ્યું હતું.

દેવાદારો આ રકમ ચુકવવામાં અસફળ રહેલ છે. આથી દેવાદાર અને જાહેર જનતાને આ નોટીસથી જણાવવામાં આવે છે કે નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ આ ધારા ૧૩(૪) એકટ ના રૂલ ૮ સાથે વંચાણે લઈ **૦૫મી નવેમ્બર સને ૨૦૨૬** ના રોજ નીચે દર્શાવેલ વિગતની મિલકતનો કબજો મેળવેલ છે.

આથી વિગતમાં દર્શાવેલ દેવાદારો અને જાહેર જનતાને ચેતવણી આપવામાં આવે છે કે મિલકતો માટે કોઈ પણ વ્યવહાર કરવો નહિં અને જો કોઈપણ વ્યવહાર કરવો હોય તો **પંજાબ નેશનલ બેંકની મેસર્સ શાલીમાર એન્ટ્રપ્રાઈઝ – માલિક શ્રી સુધાંશુ કુમારે** ચુકવવાની બાકી રકમ **રૂા.૧,૦૨,૮૮,૩૮૨.૫૪/– (અંકે રૂા.એક કરોડ બે લાખ અઠયાંશી હજાર ત્રણસો બ્યાંશી અને ચોપ્પન પૈસા પુરા)** તા.૩૧.૦૮.૨૦૨૬ ના રોજના વધારાનું વ્યાજ અને કોસ્ટ, ખર્ચાઓ આજ સુધી નું સપુર્ણ રકમ ની ચુકવણી ને આધિન રહેશે.

૧૩(૨) ની નોટીસ આપ્યા પછી વસુલ આવેલ રકમ **રૂા. ૧,૪૦,૩૮૦.૯૧**

દેવાદારોનું ધ્યાન દોરવાનું કે તમને નિયમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

મિલકતનું વર્ણન

મિલકત ૧: તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી મિલકત કે જે 'સાંકેત રેસીડેન્સી' નામે જાણીતી પ્રીમાઈસીસ ના 'જે' બિલ્ડીંગ ના ૯મા માળ નો એપાર્ટમેન્ટ નં.૯૦૬ જેનો કારપેટ એરિયા માપ ૭૧૦ ચો.ફુટ અને બાલ્કની/ઓ માપ ૧૧૨.૦૦ ચો.ફુટ એટલે કે ૮૨૨ ચો.ફુટ જેનું બાંધકામ બિન–ખેતી જમીન સર્વે નં.૨૩૦/૧ માપ હે.૦૦.૩૯ આરે સર્વે નં.૨૩૧, માપ હે.૦૦.૨૭, સર્વે નં.૨૩૨/૨ માપ હે.૦૦.૧૪ આરે અને સર્વે નં.૨૩૨/૧/૨, માપ હે.૦૦.૦૯ આરે, કુલ માપ ૮૯૦૦ ચો.મી ગામ.આમલી, સંઘ પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ અને દીવ ખાતે આવેલ છે. જેની ચતુર્સીમા : **પુર્વે :** ફલેટ નં.૯૦૭, **પશ્ચિમે :** સરકારી પશુપાલન, **ઉત્તરે :** ખુલ્લી જગ્યા, **દક્ષિણે :** ફલેટ નં.૯૦૫.

મિલકત ૨: તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી મિલકત કે જે 'રાજેશ્રી ટાવર્સ' ના નામે જાણીતી ના બિર્લ્ડીંગ નં. 'એ' બિર્લ્ડીંગ ના ૧લા માળ ની દુકાન નં.૧૦૧ જેનો કારપેટ એરિયા માપ ૨૨૦ ચો.ફુટ (૨૦.૪૫ ચો.મી) જેનું એ બિર્લ્ડીંગ ના પાર્કીંગ નં.–નથી માપ નથી. જે બિન–ખેતી સર્વે નં.૨૨૭/૨પી/૭૨/૧ માપ ૦૦ હેકટર ૫૭ આરે (૫૭૦૦ ચો.મી) ગામ.સેલવાસ, સંઘ પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ અને દીવ –૩૯૬૨૩૦ ખાતે આવેલ છે. જેની ચર્તુસીમા : **પુર્વે :** પાર્સીગ એરિયા, **પશ્ચિમે :** બિર્લ્ડીગ માર્જીન, **ઉત્તરે :** દુકાન નં.૧૦૨, **દક્ષિણે :** દાદર.

તારીખ : ૦૫/૧૧/૨૦૨૬ | સ્થળ : સેલવાસ — અધિકૃત અધિકારી, પંજાબ નેશનલ બેંક

Repco Home Finance — રેપકો હોમ ફાઇનાન્સ લિમિટેડ

સુરત બ્રાન્ચ: પ્લોટ નં. 668 B અને 668 C, પહેલો માળ, વામા હાઉસ, રિંગ રોડ, ઉધના દરવાજા, સુરત, ગુજરાત - 395002

ઈ-હરાજી વેચાણ નોટિસ

સિક્યોરિટાઇઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટ્રસ્ટ એક્ટ 2002 હેઠળ રેપકો હોમ ફાઇનાન્સ લિમિટેડ પાસે ગિરવે મૂકેલી અચલ મિલકતોનું વેચાણ નીચે જણાવેલ ઋણ લેનારા અને સહ-ઋણ લેનારાઓએ રેપકો હોમ ફાઇનાન્સ લિમિટેડ, સુરત બ્રાન્ચ પાસેથી નાણાં ઉછીના લીધા છે અને જવાબદારીની વિગતો નીચે મુજબ આપવામાં આવી છે. જ્યારે કંપનીએ સરફાસી (SARFAESI) એક્ટ હેઠળ નોટિસ બહાર પાડી છે અને અધિકૃત અધિકારીએ ગિરવે મૂકેલી મિલકતોનો કબજો લીધો છે અને નીચે દર્શાવેલી તારીખો પર નોટિસ બહાર પાડી છે અને હવે કંપનીએ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ 2002ના નિયમ 8 અને 9 હેઠળ 'જે સ્થિતિમાં છે જ્યાં છે' અને 'જે સ્થિતિમાં છે જેવું છે' ના ધોરણે મિલકતો વેચવાનું નક્કી કર્યું છે.

ક્રમ સંખ્યા 1 માટે	ઈ-હરાજીની તારીખ અને સમયઃ	11.12.2026, સવારે 11.00 વાગ્યાથી બપોરે 12.00 વાગ્યા સુધી (5 મિનિટના અમર્યાદિત ઓટો એક્સટેન્શન સાથે)

ઈ-ટેન્ડર સબમિટ કરવાની છેલ્લી તારીખ અને સમયઃ 10.12.2026, બપોરે 4.00 વાગ્યે

ક્રમ નં. 1: ઋણ લેનારઃ શ્રી કૈલાશ પ્રજાપતિ, શિવમૂરત પ્રજાપતિના પુત્ર સહ-ઋણ લેનારઃ શ્રીમતી નીમા દેવી પ્રજાપતિ, કૈલાશ પ્રજાપતિના પત્ની, ગેરંટરઃ શ્રી રજનત સી ચૌહાણ; ડિમાન્ડ નોટિસ તારીખઃ 25.03.2025; ડિમાન્ડ નોટિસ મુજબ દાવો કરેલ રકમ (એકાઉન્ટ નંબરઃ 2011870001198) 22.03.2025 થી આગળના વ્યાજ તેમજ ખર્ચ અને ખર્ચા સાથે રૂ. 13,72,669/-; કબજા લીધા તારીખઃ 10.10.2025; તારીખ 24.10.2026 ના રોજની સ્થિતિએ વર્તમાન બાકી રકમઃ રૂ. 16,94,572/-

મિલકતનું વર્ણનઃ ગુજરાત રાજ્યના સુરત જિલ્લાના, કામરેજ તાલુકાના, મોજે ગામ હલધરુ (રિવાઇઝ્ડ સર્વે નવો બ્લોક નંબર 448, કે.જે.પી. બ્લોક નંબર 448/સબ પ્લોટ-2/73 પછી) ના રેવન્યુ સર્વે નંબર 344 એટલે કે બ્લોક નંબર 402 ની બિન-ખેતી જમીન પર આવેલ 'આરાધના ઓર્કિડ'ના પ્લોટ નંબર 73નો અંદાજે 69.00 ચોરસ વાર એટલે કે 57.59 ચોરસ મીટર જમીનનો તમામ ભાગ. ઉક્ત મિલકતની ચતુર્સીમાઃ પૂર્વઃ જોડાયેલ પ્લોટ નંબર 56, પશ્ચિમઃ સોસાયટીનો આંતરિક રોડ, ઉત્તરઃ જોડાયેલ પ્લોટ નંબર 72, દક્ષિણઃ જોડાયેલ પ્લોટ નંબર 74.

અનામત કિંમત ₹17,19,000/- | ઈએમડી (અનામત કિંમતના 10%) ₹1,71,900/- | ન્યૂનતમ બોલી વધારો ₹15,000/-

ક્રમ નં. 2 થી 6	ઈ-હરાજી માટે તારીખ અને સમય	15.12.2026, સવારે 11.00 વાગ્યાથી બપોરે 12.00 વાગ્યા સુધી (5 મિનિટના અમર્યાદિત ઓટો એક્સટેન્શન સાથે)

ઈ-ટેન્ડર સબમિટ કરવાની છેલ્લી તારીખ અને સમયઃ 14.12.2026, બપોરે 4.00 વાગ્યે

ક્રમ નં. 2: ઋણ લેનારઃ શ્રી અજય બાબુભાઈ મહંત, સહ-ઋણ લેનારઃ શ્રીમતી ભાવના અજયભાઈ મહંત, અજય બાબુભાઈ મહંતનાં પત્ની, ગેરંટરઃ શ્રી ગોવિન્દભાઈ પડારિયા; ડિમાન્ડ નોટિસ તારીખઃ 27.08.2024; ડિમાન્ડ નોટિસ મુજબ દાવો કરેલ રકમ (એકાઉન્ટ નંબરઃ 2011870001558) 29.07.2024થી આગળના વ્યાજ તેમજ ખર્ચ અને ખર્ચા સાથે રૂ. 12,11,877/-; કબજા લીધા તારીખઃ 27.12.2024; તારીખ 15.10.2026ના રોજની સ્થિતિએ વર્તમાન બાકી રકમઃ રૂ. 15,75,966/-

મિલકતનું વર્ણનઃ સુરત જિલ્લાના ઓલપાડ તાલુકાના મોજે ગામ ઉમરાના બ્લોક નંબર 338/Bની જમીન પર બાંધવામાં આવેલ 'હરિકૃષ્ણ રેસિડેન્સી'ના બિલ્ડિંગ Kના પહેલા માળે અંદાજે 623 ચોરસ ફૂટ બિલ્ટ-અપ એટલે કે 57.90 ચોરસ મીટર ફ્લેટ નં. 106નાં તમામ હકો, ટાઇટલ અને હિસ્સો, તેમજ ઉક્ત બિલ્ડિંગની નીચે આવેલ અંદાજે 39.69 ચોરસ મીટરનો અવિભાજ્ય પ્રમાણસર જમીનનો હિસ્સો. ઉક્ત ફ્લેટની ચતુર્સીમાઃ ઉત્તરઃ બિલ્ડિંગના દાદર, દક્ષિણઃ ફ્લેટ નંબર 105, પૂર્વઃ એન્ટ્રી અને પેસેજ, પશ્ચિમઃ સોસાયટીનો આંતરિક રોડ. ઉક્ત બિલ્ડિંગની ચતુર્સીમાઃ ઉત્તરઃ સોસાયટીનો આંતરિક રોડ, દક્ષિણઃ સોસાયટીનો આંતરિક રોડ અને સીમા, પૂર્વઃ સોસાયટીનો આંતરિક રોડ અને સીમા, પશ્ચિમઃ સોસાયટીનો આંતરિક રોડ અને બિલ્ડિંગ.

અનામત કિંમત ₹13,18,000/- | ઈએમડી (અનામત કિંમતના 10%) ₹1,31,800/- | ન્યૂનતમ બોલી વધારો ₹15,000/-

ક્રમ નં. 3: ઋણ લેનારઃ શ્રી પ્રવીણભાઈ આર પાનસૂર્યા, રાઘવભાઈ કે પાનસૂર્યાના પુત્ર, સહઋણ લેનાર 1. શ્રીમતી ગૌરીબેન પ્રવીણભાઈ પાનસૂર્યા, પ્રવીણભાઈ આર પાનસૂર્યાનાં પત્ની 2. મિલનકુમાર પ્રવીણભાઈ પાનસૂર્યા, પ્રવીણભાઈ આર પાનસૂર્યાના પુત્ર ગેરંટરઃ શ્રી નિખીલકુમાર જે સાવલિયા, કુરજીભાઈ સાવલિયાના પુત્ર; ડિમાન્ડ નોટિસ તારીખઃ 15.02.2023; ડિમાન્ડ નોટિસ મુજબ દાવો કરેલ રકમ (એકાઉન્ટ નંબરઃ 2011870000574) 14.02.2023થી આગળના વ્યાજ તેમજ ખર્ચ અને ખર્ચા સાથે રૂ. 16,62,395/-; કબજા લીધા તારીખઃ 14.06.2023; તારીખ 15.10.2026ના રોજની સ્થિતિએ વર્તમાન બાકી રકમઃ રૂ. 27,69,251/-

મિલકતનું વર્ણનઃ સુરત જિલ્લાના કામરેજ તાલુકાના મોજે ગામ વેલંજાના રેવન્યુ સર્વે નંબર 41 અને 42 એટલે કે બ્લોક નંબર 32 ની બિન-ખેતી જમીન પર આવેલ 'શુભ ગ્લોબલ'ના પ્લોટ નંબર 195નો અંદાજે 42.38 ચોરસ મીટર જમીનનો તમામ ભાગ અને પાર્સલ. મિલકતની ચતુર્સીમાઃ ઉત્તર તરફઃ પ્લોટ નંબર 194, દક્ષિણ તરફઃ પ્લોટ નંબર 196, પૂર્વ તરફઃ જોડાયેલ રોડ, પશ્ચિમ તરફઃ પ્લોટ નંબર 214.

અનામત કિંમત ₹19,18,000/- | ઈએમડી (અનામત કિંમતના 10%) ₹1,91,800/- | ન્યૂનતમ બોલી વધારો ₹15,000/-

ક્રમ નં. 4: ઋણ લેનારઃ શ્રી બુધસેન પંચમલાલ, શ્રી પંચમલાલના પુત્ર, સહ-ઋણ લેનારઃ શ્રીમતી સંતોષ કુમારી, શ્રી બુધસેન પંચમલાલના પત્ની, ગેરંટરઃ શ્રી ચંદ્રવંશી માનસિંગ કે, શ્રી ચંદ્રવંશી માનસિંહ કે, શ્રી માનસિંહ; ડિમાન્ડ નોટિસ તારીખઃ 19.06.2023; ડિમાન્ડ નોટિસ મુજબ દાવો કરેલ રકમ (એકાઉન્ટ નંબરઃ 2011870001221) 16.06.2023થી આગળના વ્યાજ તેમજ ખર્ચ અને ખર્ચા સાથે રૂ. 11,71,621/-; કબજા લીધા તારીખઃ 10.10.2025; તારીખ 15.10.2026ના રોજની સ્થિતિએ વર્તમાન બાકી રકમઃ રૂ. 18,93,648/-

મિલકતનું વર્ણનઃ સુરત જિલ્લાના કામરેજ સબ-ડિસ્ટ્રિક્ટ તાલુકાના મોજે ગામ હલધરુના 10314 ચોરસ મીટર ક્ષેત્રફળ ધરાવતી નવી બ્લોક સંખ્યા 163/B (જૂનો બ્લોક નંબર 151, જેનો રિવાઈઝ્ડ સર્વે નંબર 130 છે)ની જમીન પર આવેલ રાધે રેસિડેન્સી ખાતે પ્લોટ નંબર 108, જે 52.35 ચોરસ યાર્ડ અને કે.જે.પી. મુજબ બ્લોક નંબર 163/બ/108 તરીકે ઓળખાય છે, જે 43.77 ચોરસ મીટર માપ ધરાવે છે, તથા રસ્તા અને સી.ઓ.પી.માં 29.42 ચોરસ મીટરનો અવિભાજ્ય પ્રમાણસર હિસ્સો ધરાવે છે, તેનો તમામ ભાગ. ઉક્ત પ્લોટની ચતુર્સીમાઃ ઉત્તર તરફઃ જોડાયેલ પ્લોટ નંબર 107, દક્ષિણ તરફઃ જોડાયેલ પ્લોટ નંબર 109, પૂર્વ તરફઃ સોસાયટીની સીમા, પશ્ચિમ તરફઃ જોડાયેલ સોસાયટીનો આંતરિક રોડ.

અનામત કિંમત ₹13,13,000/- | ઈએમડી (અનામત કિંમતના 10%) ₹1,31,300/- | ન્યૂનતમ બોલી વધારો ₹10,000/-

ક્રમ નં. 5: ઋણ લેનારઃ શ્રી રાકેશ કુમાર મિશ્રા, કિશન કુમાર મિશ્રાના પુત્ર, સહ-ઋણ લેનારાઓઃ 1. શ્રી દિપક મિશ્રા, કિશન કુમાર મિશ્રાના પુત્રત 2. શ્રીમતી કમલેશ દેવી, કિશનકુમાર મિશ્રાનાં પત્ની, 3. શ્રી કિશન કુમાર મિશ્રા, રામતીર્થ મિશ્રાના પુત્ર, , ગેરંટરઃ શ્રી ઉમાશંકર દુબે, શ્રી ઈશ્વરભાઈ; ડિમાન્ડ નોટિસ તારીખઃ 07.11.2022; ડિમાન્ડ નોટિસ મુજબ દાવો કરેલ રકમ (એકાઉન્ટ નંબરઃ 2011870001208) 07.11.2022થી આગળના વ્યાજ તેમજ ખર્ચ અને ખર્ચા સાથે રૂ. 13,34,819/-; કબજા લીધા તારીખઃ 27.03.2023; તારીખ 15.10.2026ના રોજની સ્થિતિએ વર્તમાન બાકી રકમઃ રૂ. 22,94,136/-

મિલકતનું વર્ણનઃ સુરત જિલ્લાના કામરેજ તાલુકાના મોજે ગામ હલધરુના 10314.00 ચોરસ મીટર ક્ષેત્રફળ ધરાવતી નવી બ્લોક નંબર 163/B (જૂનો બ્લોક નંબર 151, તેનો રિવાઈઝ્ડ સર્વે નંબર 130)ની જમીન પર આવેલ 'રાધે રેસિડેન્સી' ખાતે પ્લોટ નંબર 72, જે 52.61 ચોરસ યાર્ડ અને કે.જે.પી. મુજબ બ્લોક નંબર 163/B/72 તરીકે ઓળખાય છે, જે 43.99 ચોરસ મીટર માપ ધરાવે છે, તથા રસ્તા અને સી.ઓ.પી. (COP) માં 29.57 ચોરસ મીટરનો અવિભાજ્ય પ્રમાણસર હિસ્સો ધરાવે છે, તેનો તમામ ભાગ. મિલકતની ચતુર્સીમાઃ પૂર્વ તરફઃ સોસાયટીનો આંતરિક રોડ, પશ્ચિમ તરફઃ જોડાયેલ પ્લોટ નંબર 45, ઉત્તર તરફઃ જોડાયેલ પ્લોટ નંબર 73, દક્ષિણ તરફઃ જોડાયેલ પ્લોટ નંબર 71.

અનામત કિંમત ₹13,29,000/- | ઈએમડી (અનામત કિંમતના 10%) ₹1,32,900/- | ન્યૂનતમ બોલી વધારો ₹10,000/-

ક્રમ નં. 6: ઋણ લેનારઃ શ્રી સુનિલ જંગબહાદુર ભરતિયા, જંગબહાદુર એચ ભરતિયા, સહ-ઋણ લેનારાઓઃ 1. શ્રીમતી શંકુતલા જે ભરતિયા, જંગબહાદુર એચ ભરતિયાનાં પત્ની, 2. શ્રી જંગબહાદુર એચ ભરતિયા, હરિશચંદ્ર એમ ભરતિયાના પુત્ર અને ગેરંટરઃ શ્રી રવિશંકર રામજીત યાદવ, રામજીત અલગુરામ યાદવ, રામજીત અલગુરામ યાદવાના પુત્ર; ડિમાન્ડ નોટિસ તારીખઃ 05.12.2022; ડિમાન્ડ નોટિસ મુજબ દાવો કરેલ રકમ (એકાઉન્ટ નંબરઃ 2011870001237) 03.12.2022થી આગળના વ્યાજ તેમજ ખર્ચ અને ખર્ચા સાથે રૂ. 11,99,053/-; કબજા લીધા તારીખઃ 18.04.2023; તારીખ 15.10.2026ના રોજની સ્થિતિએ વર્તમાન બાકી રકમઃ રૂ. 19,09,590/-

મિલકતનું વર્ણનઃ સુરત જિલ્લાના કામરેજ તાલુકાના મોજે ગામ હલધરુના 10314.00 ચોરસ મીટર ક્ષેત્રફળ ધરાવતી નવી બ્લોક નંબર 163/B (જૂનો બ્લોક નંબર 151, તેનો રિવાઈઝ્ડ સર્વે નંબર 130) ની જમીન પર આવેલ 'રાધે રેસિડેન્સી' ખાતે પ્લોટ નંબર 116, જે 52.27 ચોરસ યાર્ડ અને કે.જે.પી. મુજબ બ્લોક નંબર 163/B/116 તરીકે ઓળખાય છે, જે 43.70 ચોરસ મીટર માપ ધરાવે છે, તથા રસ્તા અને સી.ઓ.પી. (COP) માં 29.38 ચોરસ મીટરનો અવિભાજ્ય પ્રમાણસર હિસ્સો ધરાવે છે, તેનો તમામ ભાગ અને પાર્સલ. ચતુર્સીમાઃ પૂર્વઃ સોસાયટીની સીમા, પશ્ચિમઃ જોડાયેલ સોસાયટીનો આંતરિક રોડ, ઉત્તરઃ જોડાયેલ પ્લોટ નંબર 115, દક્ષિણઃ જોડાયેલ પ્લોટ નંબર 117.

અનામત કિંમત ₹15,13,800/- | ઈએમડી (અનામત કિંમતના 10%) ₹1,51,380/- | ન્યૂનતમ બોલી વધારો ₹10,000/-

ઈ-હરાજી પ્રક્રિયા માટે, M/s. 4 Closure નો સંપર્ક કરો. શ્રી ટી જયા પ્રકાશ રેડ્ડી - 81420 00064.

મિલકતની મુલાકાત માટે ઈચ્છુક બોલી લગાવનારાઓ તમામ કામકાજના દિવસોમાં સવારે 10.00 વાગ્યાથી સાંજે 5.00 વાગ્યા વચ્ચે બ્રાન્ચ હેડ, રેપકો હોમ ફાઇનાન્સ લિમિટેડ, સુરત બ્રાન્ચનો સંપર્ક કરી શકે છે. સંપર્ક નંબરોઃ 0261-2369505 અને 99789 78373.

તારીખઃ 26.10.2026 — અધિકૃત અધિકારી, રેપકો હોમ ફાઇનાન્સ લિમિટેડ

આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ — IDFC FIRST Bank

(અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમિટેડ, આઈડીએફસી બેંક લિમિટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે જાણીતી)
CIN : L65110TN2014PLC097792
રજીસ્ટર્ડ ઓફિસ : કેઆરએમ ટાવર, આઠમો માળ, હેરીંગટન રોડ, ચેટપેટ, ચેન્નઈ–૬૦૦૦૩૧ ટેલી : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૦૦ | ફેક્ષ : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૨૨

પરિશિષ્ટ–૪ [રૂલ ૮(૧)] કબજા નોટીસ (સ્થાયી મિલકત માટે)

નીચે સહી કરનાર **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિ. અને આઈડીએફસી બેંક લિમિટેડ સાથે જોડાયેલી)** અધિકૃત અધિકારીએ સિકયુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ અને તેમને આ ધારાની કલમ ૧૩ (૧૨) ની સાથે વાંચતા નિયમ ૩ હેઠળ સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ હેઠળ મળેલ સત્તાની રૂએ **તા.૨૬ ઓગષ્ટ ૨૦૨૬** ના રોજ નોટીસ બજાવીને **દેવાદાર, સહદેવાદારો અને જામીનદારો ૧. મંજુરઅહેમદ પઠાન ૨.શેહનાઝ મંજુરઅહેમદ પઠાન** ને નોટીસમાં દર્શાવેલ બાકી રકમ **રૂા.૨૦,૦૦,૮૨૧.૩૪/– (અંકે રૂપિયા વીસ લાખ આઠસો એકવીસ અને ચોત્રીસ પૈસા પુરા) તા.૨૦ ઓગષ્ટ ૨૦૨૬** ના રોજના આ ડીમાન્ડ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર પરત ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદારો આ રકમ પરત ચુકવવામાં કસુરવાર ઠર્યા હોવાથી દેવાદાર અને જાહેર જનતાને અહીં નોટીસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ ૨૦૦૨ ધારાની કલમ ૧૩ ની પેટા કલમ (૪) ના રૂલ ૮ હેઠળ તેમને બક્ષવામાં આવેલ અધિકાર અનુસાર **તારીખ ૦૫ મી નવેમ્બર ૨૦૨૬** ના રોજ આ નો કબજો સંભાળી લીધેલ છે.

ખાસ કરીને દેવાદારો અને સામાન્ય જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિ. અને આઈડીએફસી બેંક લિમિટેડ સાથે જોડાયેલી)** ની રકમ **રૂા.૨૦,૦૦,૮૨૧.૩૪/– (અંકે રૂપિયા વીસ લાખ આઠસો એકવીસ અને ચોત્રીસ પૈસા પુરા)** અને તેના ઉપરના વ્યાજને આધીન રહેશે.

દેવાદારો નું ધ્યાન દોરવાનું કે તમને નિયમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષિત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

સ્થાયી મિલકતોનું વર્ણન

તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી મિલકત કે જે રેવન્યુ સર્વે ૧૫૩ બ્લોકનં ૧૯૨ મોજેગામ કોઠવા તાલુકા માંગરોલ જીલ્લા સુરત.ગુજરાત–૩૯૪૧૧૦ ખાતે આવેલ છે. પ્લોટ નં.૧ (અ નં.–૩૮) માપ ૬૩૦ ચો.ફુટ એટલે કે ૫૮.૫૫ ચો.મી (મિલકત મંજૂર એહમદખાન અબ્દુલખાન પઠાણ) ઉર્ફે ની માલીકી ની પઠાણ મેહમદઅબ્દુલ પઠાણ જેની ચર્તુસીમા **પુર્વે :** પ્લોટ નં.૩૯, **પશ્ચિમે :** પ્લોટ નં.૩૭, **ઉત્તરે :** રોડ, **દક્ષિણે :** રોડ આવેલ છે.

તારીખ : ૦૫–૧૧–૨૦૨૬
સ્થળ : સુરત, ગુજરાત
લોન ખાતા નં.: ૧૫૧૯૨૨૮૨૧

સહિ/– અધિકૃત અધિકારી, આઈડીએફસી ફર્સ્ટ બેંક લીમીટેડ (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિ. અને આઈડીએફસી બેંક લિમિટેડ સાથે જોડાયેલી)

વેચાણ અંગે જાહેર નોટીસ

સુરત ડિસ્ટ્રીકટ, તાલુકા પલસાણા, **મોજે ગામ ઈંટાળવા** ના રે.સ.નં.૨૪/૨, **બ્લોક નં.૨૩** થી નોંધાયેલી જમીન, જેનો સીટી સર્વે વોર્ડ ઈંટાળવા (બીનખેતી), સીટી સર્વે નોંધ નં.NA૨૩, જેનું સીટી સર્વે મુજબ ક્ષેત્રફળ સુમારે **૧૨૭૭૭.૦૦ ચો.મી.** છે તે બિનખેતીની જમીનમાં આયોજિત **''ગંગા ઈન્ડસ્ટ્રીયલ પાર્ક''** ના નામથી ઓળખાતા પ્રોજેકટમાં ઔદ્યોગિક હેતુસર પાડવામાં આવેલા ખુલ્લા પ્લોટો પૈકી નીચે જણાવેલ ખુલ્લા પ્લોટ.

ક્રમ	પ્લોટ નંબર	પ્લોટેડ ક્ષેત્રફળ	રોડ, રસ્તામાં ફાળે પડતો હિસ્સો	સીઓપીમાં ફાળે પડતો હિસ્સો	કુલ ક્ષેત્રફળ
૧.	૧એ	૪૭૬૬.૪૨ ચો.મી.	૮૯૭.૭૮ ચો.મી.	૫૧૪.૨૭ ચો.મી.	૬૧૭૮.૪૭ ચો.મી.
૨.	૨એ	૫૧૮૭.૨૫ ચો.મી.	૮૯૭.૭૮ ચો.મી.	૫૧૩.૫૦ ચો.મી.	૬૫૯૮.૫૩ ચો.મી.

ઉપરોકત પ્લોટવાળી મિલકતોના ટાઈટલ ચોખ્ખા અને માર્કેટેબલ હોવાનું તથા સદરહુ પ્લોટોના એકલા સ્વતંત્ર, સંપુર્ણ, માલીક, મુખત્યાર કબજેદાર રફીક ઈબ્રાહીમ પટેલ ચાલી આવેલ હોવાનું જણાવી તથા સદર પ્રોજેકટના મંજુર પ્લાન મુજબ પશ્ચિમ બાજુએ ૧૮ મીટર પહોળાઈનો તથા ઉત્તર બાજુએ ૧૨ મીટરની પહોળાઈનો રોડ અંગે લાગુ બ્લોક નં.૨૨ તથા ૨૧ ના માલીકોના પણ રસ્તો વપરાશના ઈઝમેન્ટના હકકો હોવાનું જણાવી તેઓએ સદરહુ પ્લોટો તમામ બોજાથી મુકત અમારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે. આથી સદરહુ પ્લોટો ઉપર કોઈના કોઈપણ જાતના ચાર્જ, બોજા, લીયન યા કોઈપણ જાતનો હકક હિત, હિસ્સો લાગભાગ યા ઈઝમેન્ટ રાઈટ્સ હોય તો તે અંગેના લેખિત પુરાવા આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન—૭ માં નીચે જણાવેલ ઠેકાણે રજુ કરવા, અન્યથા સદરહુ પ્લોટો ઉપર કોઈના કોઈપણ જાતના હકકો નથી અને હોય તો તે જતા કર્યા છે તેવું શુધ્ધબુધ્ધિપુર્વક ગણીને સદરહુ પ્લોટોના રજી.વેચાણ દસ્તાવેજો તથા લખાણો અમારા અસીલ કરાવી લેશે, ત્યારબાદ કોઈની કોઈપણ તર—તકરાર ચાલશે નહી, જેની લાગતા વળગતા તમામે નોંધ લેવી.

તા. ૦૭/૧૧/૨૦૨૬
ઠેકાણું : બી/૭૦૭–૭૦૮, તિરૂપતિ પ્લાઝા, ફેમિલી કોર્ટની સામે, નાનપુરા, સુરત.

ઝીણાભાઈ જી. પટેલ
કિંજલ જે. વર્મા
તે ખરીદનારના એડવોકેટ્સ

ટાઈટલ તથા વેચાણ અંગેની જાહેર નોટીસ

સુરત ડીસ્ટ્રીકટ સબ ડીસ્ટ્રીકટ તાલુકા - મજુરાના શહેર સુરતના મોજે ગામ **વડોદના** જુનો સર્વે નંબર ૯૪, **નવો સર્વે નં. ૧૦૦,** ટી.પી.સ્કીમ નં. ૭૧, **ફાયનલ પ્લોટ નં. ૬૩** વાળી જમીન જેનું ક્ષેત્રફળ સુમારે ૨-૧૪-૦૦ હે.આરે.ચો.મી. છે, જેનો આકાર રૂા. ૨૩-૩૫ પૈસા વાળી બિનખેતીની જમીનમાં **''ચામુંડા સ્મોલ સ્કેલ ઈન્ડસ્ટ્રીયલ સોસાયટી (સુચિત)''** નું આયોજન કરવામાં આવેલ છે જેમાં પાડવામાં આવેલ પ્લોટો પૈકી

ક્રમ	માલિકનું નામ	પ્લોટ નંબર	પ્લોટ એરીયા
૧	સુરેશભાઈ પરસોત્તમભાઈ પટેલ	સી-૯૨	૧૧૯.૧૭ ચો.મી.
૨	સુરેશભાઈ પરસોત્તમભાઈ પટેલ	સી-૯૩	૧૧૯.૧૭ ચો.મી.
૩	સુરેશભાઈ પરસોત્તમભાઈ પટેલ	સી-૯૪	૧૧૯.૧૭ ચો.મી.
૪	કૈલાશબેન સુરેશભાઈ પટેલ	સી-૯૫	૧૧૯.૧૭ ચો.મી.
૫	કૈલાશબેન સુરેશભાઈ પટેલ	સીએ-૯૫	૧૧૯.૧૭ ચો.મી.

ઉપરોક્ત પ્લોટો હમોની સ્વતંત્ર માલિકીના તથા પ્રત્યક્ષ કબજા, ભોગવટા તથા વહીવટ-વ્યવસ્થા હેઠળની તેમજ ચોખ્ખા અને માર્કેટેબલ ટાઈટલ વાળી હોવાનું જણાવી હમારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે. જેથી હમારા અસીલ ટુંક સમયમાં સદરહુ મિલકતનો પુરેપુરો અવેજ ચુકવી આપી રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરાવી લેનાર છે. સદરહુ મિલકતમાં કોઈપણ વ્યકિત, સંસ્થા, મંડળી, બેંક વિગેરેનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હિસ્સો કે દરદાવો કે બોજો લિયન, કોઈપણ પ્રકારના લખાણો કે કોર્ટ પ્રકરણો વિગેરે હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી **દિન-૭** માં હમોને લેખિત પુરાવાઓ સહિત નીચે જણાવેલ સરનામે જાણ કરવી. મુદત વિત્યેથી સદરહુ મિલકત ઉપર કોઈનો પણ કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હિસ્સો કે દરદાવો કે બોજો લિયન કે કોઈપણ પ્રકારના લખાણો નથી કે હોય તો તે જતા યાને કે વેઈવ કરેલ છે તેવું શુધ્ધબુધ્ધિપુર્વક માની હમારા અસીલ સદરહુ મિલકતનો પાકો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરાવી લેશે. ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તર-તકરારો કે વાંધા, વિરોધ ચાલશે નહી. જેની આથી તમામે નોંધ લેવી.

ઓફિસ : ૧૩૬, ઈસાના ધી બીઝનસ હબ, ડી–માર્ટ પાસે, અલથાણ, સુરત. મો. ૯૩૭૫૦૦૨૭૩૦

મારી મારફત
કેતન પટેલ
તે ખરીદનારના એડવોકેટ